# Gujarati
# ગુજરાતી
## ૨૦૭ કુલ ગુણ-૧૦૦

This Question Paper consists of 60 questions and 8 printed pages.

**રોલ નંબર/Roll Number:-**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | |

**પરીક્ષાનો વાર અને તારીખ (Day and Time of Examination):-**_________________________

**નિરીક્ષકની સહી (Signature of invigilators):-**___________________________

**સામાન્ય નિર્દેશ :**

1. વિધાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.

2. પહેલા પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલા કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે એટ્લી પ્રથમ પાનાં ઉપર છે તે જોઇ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.

3. ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલા સ્થાન સિવાય બીજા કોઇપણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિન્હ લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

4. બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C), અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર-પુસ્તિકામાં લખવો.

5. પોતાની ઉત્તર-પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા 63/S/A/G લખવી.

# Gujarati
# ગુજરાતી
# ૨૦૭

**સમય- 3 કલાક** **કુલ ગુણ-૧૦૦**

## સુચના:-

૧. બધા પ્રશ્નો અનિવાર્ય છે અને પ્રત્યેક પ્રશ્નની સામે અંક આપેલા છે.
૨. બહુવિકલ્પીય પ્રશ્નો માટે એક-એક ગુણ નિર્ધારિત છે.
3. બહુવીકાલ્પીય પ્રશ્નોત્તર લખવા માટે વધારાનો સમય આપવામાં નહિ આવે. બધા પ્રશ્નો આપેલા સમયમાં એકસાથે કરવાના છે.

---

## વિભાગ-૧ (ગુણ -૫૦)

**૧. ખાલી જગ્યા પૂરો (કોઇ પણ પાંચ)** **ગુણ ૫**

| અનુ. | પ્રશ્ |
|---|---|
| અ. | કાનુડાના તોફાનની ગોપીઓ જશોદાને ................... કરવા આવે છે. |
| બ. | વ્રજની નાર જશોદામાતાને કહે છે કે .................. |
| ક. | જશોદામાતા જવાબ આપે છે કે............... |
| ડ. | કાવ્યની પંક્તિઓના છેલ્લા શબ્દો સરખા ઉચ્ચારવાળા હોય તેને .................... કહેવાય છે. |
| ઈ. | જશોદા તારા કાનુડાને કાવ્ય બોલચાલની ભાષાને કારણે કાવ્ય ................. જેવું લાગે છે. |
| ફ. | ધગધગતા તડકાના કારણે પાકા રસ્તાનો ................ પીગળવા માંડ્યો છે. |
| જ. | હું ગુર્જર ભારતવાસીમાં..........ના ગૌરવ સંબંધી વિચાર વ્યક્ત થયા છે? |

**૨. આપેલનાં જવાબ આપો (બધા ફરજીયાત )** **ગુણ ૫**

| અનુ. | પ્રશ્ન |
|---|---|
| અ. | કોણ કૃતિનો કર્તા જણાવો. |
| બ. | નીચેની પંક્તિમાંથી વિશેષણ શોધો. |
| ક. | ‘જુનું પિયરઘર કાવ્યના કવિ નું નામ. |
| ડ. | ભાડું પર્યાય શબ્દ લખો. |
| ઈ. | હું ગુર્જર ભારતવાસી કાવ્ય ના કવિ નું નામ લખો. |

**3. આપેલ પ્રશ્નોનાં જવાબ આપો (કોઇ પણ ૧૫ )** **ગુણ ૧૫**

a) જશોદા તારા કાનુડાને કૃતિનો સાહિત્યપ્રકાર કયો છે?
b) નરસિંહ મહેતા કોના અનન્ય ભક્ત હતા ?
c) કાવ્યમાં દરેક કડીને અંતે ગવાતી પ્રથમ પંક્તિને કઇ પંક્તિ કહે છે ?

d) પુષ્પની પાંદડી પર બેસીને કોણ હસે છે ?
e) ‘તડકો’ કાવ્યમાં શેનું વર્ણન કરવામાં આવ્યું છે?
f) વાર્તા નાયકે એક દિવસ પેપરમાં શા સમાચાર વાંચ્યા?
g) વાર્તાનાયકે સમાચાર વાંચી શું કર્યું?
h) એકવાર નાયકના ઘરમાં કયો પ્રસંગ બન્યો હતો?
i) કર્ણની વાત દ્વારા બહેન શું કહેવા માંગે છે?
j) ‘બેની લડાઇમાં ત્રીજો ખાઇ જાય’ કહેવત અહીં કેમ વાપરી છે?
k) ગૌરી કોણ હતી?
l) બહેનને ન્યાય કરવા ગૌરીભાભીને કેમ બોલાવ્યા?
m) નાયકને એક વખત શાનું નિમંત્રણ મળ્યું?
n) નાયક સંમેલનમાં શેના વિશે બોલ્યા?
o) નાયકની નજરમાં અખાડાના સંચાલન કેવા દેખાયા?
p) નાયકનું શરીર જોઇ સંચાલકે શું કહ્યું?
q) કસરતથી કયો ફાયદો થાય છે?
r) માણસના મુખ્ય ધર્મ વિશે શું કહેવામાં આવ્યું છે?
s) તંદુરસ્તીનું મહત્વ સમજાવતી કઇ કહેવત યાદ આવે છે?
t) ઉત્તર તરફની દિશા એટલે શું?

**૪. વૈકલ્પિક પ્રશ્નો (કોઈ પણ ૨૫ )** **કુલ ગુણ ૨૫**

A. પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમમાં કોનો સમાવેશ થતો નથી
(અ) ગંગા (બ) નર્મદા (ક) સરસ્વતી (ડ) યમુના

B. મેળામાં કોણ કોણ આવે છે ?
(અ) સાધુઓ (બ) તપસ્વીઓ (ક) સંત મહંતો (ડ)આપેલ તમામ

C. પ્રયાગરાજ પાઠની શરૂઆતનો સમય કયો છે?
(અ) અષાઢ (બ)વૈશાખ (ક) આસો (ડ)ભાદરવો

D. ગુજરાતી સાહિત્યમાં કોના છપ્પા જાણીતા છે.
(અ) નર્મદના (બ) પ્રેમાનંદના (ક) અખાના (ડ) સુંન્દરમના

E. હાઇકુમાં કુલ કેટલા અક્ષર હોય છે.
(અ ) ૭ (બ) ૧૧ (ક) ૧૭ (ડ) ૧૮

F. આસોપાલવ શેનું પ્રતિક છે.
(અ) માંગલ્યનું (બ) શોકનું (ક) દુ:ખનું (ડ) ઝાડનું

G. નાયિકાને શહેરમાં કોના ઘરે ભણવા માટે મૂકી હતી?
(અ) ભાઇ (બ) કાકા (ક) મામા (ડ) ફોઇ

H. નાયિકા એમ.બી .બી. એસ. માં કયા નંબરે પાસ થઇ?
(અ)પહેલા (બ) બીજા (ક) ત્રીજા (ડ) પાચમાં

I. કવિ પ્રિયતમાના પ્રેમને કઇ નદીના નીર ક્હે છે ?

(અ) ગંગા (બ) નર્મદા (ક) સરસ્વતી (ડ) સાબરમતી

J. ગોપી શું વેચવા નિકળેલી છે?

(અ) માખણ (બ) માધવ (ક) દૂધ (ડ) દહીં

K.

નીચેની પંક્તિમાંથી વિશેષણ શોધો.

પુષ્પતણી પાંદડીએ બેસી હસતું કોણ ચિરંતર હાસઃ

(અ) પાંદડી (બ) પુષ્પ (ક) હસતું (ડ) ચિરંતર

L. કાનુડાએ કયા તોફાન કર્યા છે ?

(અ) શીકું તોડયું (બ)ગોરસ ખાધું (ક) માખણ ઢોળી નાખ્યું (ડ)આપેલ તમામ

M. ‘ખાખાખોળા કરવું’ નો રૂઢિપ્રયોગ જણાવો.

(અ) શોધવું (બ)ફેદવું (ક) ગોતવું (ડ) આપેલ તમામ

N. ‘પુલકિત’ નો સમાનાર્થી શબ્દ આપો.

(અ) દુઃખ (બ) ડર (ક) ખુશ (ડ) ચિંતા

O. નાયકને એક વખત શાનું નિમંત્રણ મળ્યું?

(અ) શ્રોતાગણ તરીકેનું (ક) સમીક્ષક તરીકેનું

(બ) મુખ્ય મહેમાન તરીકે સ્નેહસંમેલનમાં જવાનું (ડ) વક્તાગણ તરીકેનું

P. નાયક સંમેલનમાં શેના વિશે બોલ્યા?

(અ) શ્રોતાગણ તરીકેનું (ક) સમીક્ષક તરીકેનું

(બ) મુખ્ય મહેમાન તરીકે સ્નેહસંમેલનમાં જવાનું (ડ) વક્તાગણ તરીકેનું

Q. ઉત્તર તરફની દિશા એટલે શું?

(અ)આઝાદી ની દિશા (બ) બરબાદીની દિશા (ક) પ્રગતિની દિશા (ડ) અધોગતિની દિશા

R. કુંજમાં વિહાર કરનાર’- શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો.

(અ) કુંજારી (બ) કુંજવિહારી (ક) આપેલ બંને (ડ) એકપણ નહી

S. પર્વતને ઊચકનાર- શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો.

(અ) ગિરધારી (બ) ગિરધર (ક) આપેલ બંને (ડ) એકપણ નહી

T. આબુ પર્વત ગુજરાતની ------------------દિશામાં છે?

(અ) ઉત્તર (બ) દક્ષિણ (ક) પૂર્વ (ડ) પશ્ચિમ

U. અરબી સમુદ્ર ગુજરાતની ------------------દિશામાં છે?

(અ) ઉત્તર (બ) દક્ષિણ (ક) પૂર્વ (ડ) પશ્ચિમ

V. પ્રયાગરાજ ના લેખકના મિત્ર કયા રહેતા હતા?

(અ) અલ્હાબાદ (બ) જબલપુર (ક) કાશી (ડ) વારાણસી

W. મન--------------------છે

(અ) મરકટ (બ) તરકટ (ક) મરકત (ડ) તરકત

X. ગાંધીજી ની સમાધિ ક્યાં આવી છે ?

(અ) કોચરબ (બ) રાજઘાટ (ક) ગાંધીધામ (ડ) દિલ્હીઘાટ

Y. ’નીતરેલા નીર તું ’ અલંકાર ઓળખાવો.

(અ) શબ્દાનુપ્રાસ (બ)વર્ણાનુંપ્રાસ (ક) ઉપમા (ડ) રૂપક

Z. ‘વામન ‘ નો વિરોધી શબ્દ આપો.

(અ) વિરાટ (બ) નાનું (ક) આકાશ (ડ) વાદળ

AA. ‘જે મરે નહી તે ‘- શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો

(અ) અખૂટ (બ) અમર (ક) પામર (ડ) અચળ

AB .આબાદી એટલે શું?

(અ) સાક્ષર (બ) મબલખ (ક) ઉધમ (ડ) ઉન્નતિ

AC. ‘સ્વર્ધુની’ની સંધિ વિચ્છેદ કરો.

(અ) સ્વ +ધૂની (બ) સ્વર + ર્ધુની (ક) સ્વર+ધુની (ડ) સ્વ+ધુની

## <u>વિભાગ-૨ (ગુણ -૫૦)</u>

**૫. નીચે આપેલા પ્રશ્નમાંથી ગમે તે ચારના ટૂંકમાં જવાબ આપો.** **(ગુણ -૮ )**

૧. મોટા ભાભીનું આયુષ્ય લાબું છે એમ કેમ કહ્યું ?

૨. ‘જુનું પિયરઘર માં રજુ થતો દામપત્યભાવ તમારા શબ્દોમાં લખો.

3. ‘રસ્તાવસંતના’ કાવ્યમાં રજુ થતી વસંતની વિશેષતા જણાવો.

૪. શંકરલાલે દેવશંકરને શી સુચના આપી ?

૫. દેવશંકરની લાડુની લાલસા તમારા શબ્દોમાં લખો

**૬. નીચે આપેલા પ્રશ્નમાંથી ગમે તે છ પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.** **(ગુણ -૧૮ )**

૧.. નીચેના રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્ય પ્રયોગ કરો

૧. ભોગ લાગવા ૨. માન ખાટવું 3. ફ્ડચો કરવો

૨. 'જુનું પિયર ઘરમા'નાયિકાના મનમાં અનેક સ્મૃતિ ચિત્રો ખડા થયા તેના વિશે નોધ લખો

3. 'વિભાગ –ક' માં આપેલા દરેક શબ્દોનો પર્યાય શબ્દ 'વિભાગ –ખ 'માંથી શોધીને લખો

| **વિભાળ - ક** | **વિભાગ –ખ** |
|---|---|
| ક્રીડા | સત્વ |
| અર્ક | રમત |
| અવની | આકાશ |
| | ધરતી |

૪. 'પતંગિયું ને ચબેલી' કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દો માં લખો.

૫. 'અવસાનસંદેશ' કાવ્યમાં કવિ પોતાના સ્નેહીજનોને શું – શું કહીને આશ્વાસન આપે છે ?

૬. અવસાનસંદેશ' કાવ્યમાં કવિ શું જીવન-સંદેશ આપે છે ?

**૭.. નીચે આપેલા પ્રશ્નમાંથી મુદ્દાસર જવાબ આપો. (ગુણ -૧૬)**

૧. 'રસ્તા વસંતના' કાવ્યનો ભાવાર્થ સમજાવો .

૨. 'ઈટો ના સાત રંગ ' શીર્ષક ની યર્થાથ જણાવો.

3. 'કસોટી ' પાઠમાં ઊપસતું ગાંધીજીનું વ્યક્તિત્વ

૪. 'સૂર્યનું સેવન' પાઠના આધારે શિયાળાની સવારનું વર્ણન કરો

**૮. નિબંધ લેખન (ગમે તે એક) (ગુણ ૦૮)**

૧. માતૃ પ્રેમ

૨. જીવનમાં રમત - ગમતનું મહત્વ

# <u>ALL THE BEST</u>

# Gujarati

# ગુજરાતી

## ૨૦૭ કુલ ગુણ-૧૦૦

## MARKING SCHEME

| વિભાગ-૧ (ગુણ -૫૦) | | | |
|---|---|---|---|
| **અનુક્રમ** | **પ્રશ્નોનાં જવાબ** | **વિભાગીય ગુણ** | **કુલ ગુણ** |
| **૧.** | **ખાલી જગ્યા પૂરો (કોઇ પણ પાંચ)** | | **૦૫** |
| અ. | ફરિયાદ | ૦૧ | |
| બ. | જશોદા તારા કાનુડાને ઘરમાં પુરી રાખ. | ૦૧ | |
| ક. | મારો કાનજી તો વૃંદાવન ગયો હતો. | ૦૧ | |
| ડ. | અંત્યાનુપ્રાસ | ૦૧ | |
| ઈ. | સંવાદ | ૦૧ | |
| ફ. | ડામર | ૦૧ | |
| જ. | ભારતના | ૦૧ | |
| **૨.** | **આપેલનાં જવાબ આપો (બધા ફરજીયાત )** | | **૦૫** |
| અ. | સુન્દરમ્ | ૦૧ | |
| બ. | હસતું | ૦૧ | |
| ક. | બળવંતરાય ઠાકોર | ૦૧ | |
| ડ. | ભાઈ બહેન | ૦૧ | |
| ઈ. | ઉમાશંકર જોશી | ૦૧ | |
| **3.** | **આપેલ પ્રશ્નોનાં જવાબ આપો (કોઇ પણ ૧૫ )** | | **૧૫** |
| ૧ | પદ | ૦૧ | |
| ૨ | કૃષ્ણ | ૦૧ | |
| ૩ | ધ્રુવ પંક્તિ | ૦૧ | |
| ૪ | ઇશ્વર | ૦૧ | |
| ૫ | ઉનાળાની બપોરનું | ૦૧ | |
| ૬ | C) મુંબઈની ગાયકવાડી લેનમાં આગનું છમકલું થયું | ૦૧ | |
| ૭ | સ્પિરિટ નાખતા હતા | ૦૧ | |
| ૮ | બાટલી હાથમાં લઇ સળગતામાં રેડવા જતો હતો. | ૦૧ | |
| ૯ | મુસીબત વખતે જાતે જ સ્થિતિમાં ફેરફાર કરી કાર્ય કરવું. | ૦૧ | |
| ૧૦ | વાર્તાનાયકને કટાક્ષ કરવા | ૦૧ | |
| ૧૧ | વાર્તાનાયકની પડોસણ | ૦૧ | |
| ૧૨ | હીરાનો પક્ષ લેવા. | ૦૧ | |
| ૧૩ | મુખ્ય મહેમાન તરીકે સ્નેહસંમેલનમાં જવાનું | ૦૧ | |
| ૧૪ | અખાડાની પ્રવૃત્તિ અને વ્યાયામ વિશે | ૦૧ | |
| ૧૫ | સંચાલક પહેલવાન હતા પણ તેમણે જીભ કસી ન હતી. | ૦૧ | |
| ૧૬ | કસરત કરી હોત તો તમે મારા જેવા મજબૂત બનત. | ૦૧ | |
| ૧૭ | શરીર સુધરે છે | ૦૧ | |

| | | | |
|---|---|---|---|
| ૧૮ | પોતાના કાર્ય પ્રત્યેની ફરજનો | ૦૧ | |
| ૧૯ | પહેલું સુખ તે જાતે નર્યા | ૦૧ | |
| ૨૦ | પ્રગતિની દિશા | ૦૧ | |
| **૪.** | **વૈકલ્પિક પ્રશ્નો (કોઇ પણ ૨૫ )** | | **૨૫** |
| A | (બ) નર્મદા | ૦૧ | |
| B | (ડ)આપેલ તમામ | ૦૧ | |
| C | (બ)વૈશાખ | ૦૧ | |
| D | (ક) અખાના | ૦૧ | |
| E | (ક) ૧૭ | ૦૧ | |
| F | (અ) માંગલ્યનું | ૦૧ | |
| G | (ક) મામા | ૦૧ | |
| H | (અ)પહેલા | ૦૧ | |
| I | (ડ) સાબરમતી | ૦૧ | |
| J | (ડ) દહીં | ૦૧ | |
| K | (ડ) ચિરંતર | ૦૧ | |
| L | (ડ)આપેલ તમામ | ૦૧ | |
| M | (ડ) આપેલ તમામ | ૦૧ | |
| N | (ક) ખુશ | ૦૧ | |
| O | (બ) મુખ્ય મહેમાન તરીકે સ્નેહસંમેલનમાં જવાનું | ૦૧ | |
| P | (બ) મુખ્ય મહેમાન તરીકે સ્નેહસંમેલનમાં જવાનું | ૦૧ | |
| Q | (ક) પ્રગતિની દિશા | ૦૧ | |
| R | (બ) કુંજવિહારી | ૦૧ | |
| S | (બ) ગિરધર | ૦૧ | |
| T | (અ) ઉત્તર | ૦૧ | |
| U | (ડ) પશ્ચિમ | ૦૧ | |
| V | (બ) જબલપુર | ૦૧ | |
| W | (અ) મરકટ | ૦૧ | |
| X | (બ) રાજઘાટ | ૦૧ | |
| Y | (બ)વર્ણાનુંપ્રાસ | ૦૧ | |
| Z | (અ) વિરાટ | ૦૧ | |
| AA | (બ) અમર | ૦૧ | |
| AB | (ડ) ઉન્નતિ | ૦૧ | |
| AC | (ક) સ્વર+ધ્વની | ૦૧ | |

## <u>વિભાગ-૨ (ગુણ -૫૦)</u>

| | | | |
|---|---|---|---|
| 5. | ઉત્તરમાં અપેક્ષિત તમામ મુદ્દાની યોગ્ય અસરકારક રજૂઆત, ભાષા શુદ્ધિ | 2x4 | 08 |
| 1 | ડાયલાના હાથમાંથી સ્પિરિટની બાટલી કોણે લીધી આ બાબતે ઘરમાં બધા વચ્ચે ચર્ચા ચાલતી હતી. હવે મોટા ભાભી બાકી રહ્યા હતા અને એ સમયે મોટા ભાભી દીનુભાઇ | ૦૨ | |

| | | | |
|---|---|---|---|
| | ના ઘરે ગયા હતા અને મોટા ભાભી નું નામ લીધું અને તે જ સમય મોટા ભાભી એમના ઘરે આવે છે. ત્યારે હીરા કહે છે કે, ભાભી તમારું આયુષ્ય તો લાંબુ છે. કેમ કે તેમને યાદ કર્યા અને તે વખતે તે ત્યાં આવી પહોંચ્યા. | | |
| 2 | જૂનુ પિયર ઘરમાં નાયિકા વર્ષો પછી પોતાના પિયર ઘરે આવે છે અને તે પોતાના ઘરના સ્નેહીજનોને અનેક સ્વરૂપે અને અનેક રીતે તેમને ત્યાં સર્વત્ર ખદા થઇ ગયા હોય એ રીતે જુવે છે. આ સહુમાં એક વ્યક્તિ તેમને અલગ ટળી આવે છે અને એ તો એનો પતિ છે.નાયિકા નાનપણમાં એમના પતિને ઓળખતી ન હતી. છતાં પણ અત્યારે બાળક રૂપે નાના અને પછી ધીમે ધીમે મોટા થતા એના પતિના આ જુદા જુદા રૂપો અત્યારે નાયિકા ને શી  રીતે દેખાય છે કારણ કે લગ્ન થયા ત્યારથી આજ સુધીમાં એ પતિએ એના હૃદયમાં એવું સ્થાન જમાવ્યું છે કે લગ્ન પહેલાં કોમાર જીવનમાં પણ વિવિધ વયના બાળવય ધારણ કરીને એ એની સાથે હસતો દેખાય છે પતિ નો સ્નેહ પત્નીના જીવનમાં એવો વ્યાપી ગયો છે કે નાયિકા ના લગ્ન પછી જ નહીં. લગ્નના પહેલાના જીવનમાં પણ તે ઉત્કટાનો અનુભવ કરે છે. સ્નેહની ગતિ, સ્નેહની શક્તિ, સમય મર્યાદા ને ઓળંગી અખંડ સ્નેહનો અનુભવ આ કાવ્યની નાયિકા ને થાય છે | ૦૨ | |
| 3 | આપણે બોલીએ છીએ કે વસંત ઋતુ આવી પણ ક્યાં થઇને આવી કવિ કહે છે કે વૃક્ષોની ડાળી એ ડાળીએ થઇને આવી તેથી દરેક ડાળ પર ફૂલોથી ભરપૂર બની જાય છે આ વસંત ઋતુના નકશા કોણ દોડે છે મલય પર્વતમાંથી પસાર થતા શીતલ સુગંધી પવનરૂપી પીછીથી અને ફૂલોમાંથી રંગો લઇ પરમાત્મા એ નકશા ડોલ રહ્યા છે બાગને વસંતનો સ્પર્શ થતાં બાગ ખીલી ઉઠે છે સુરજ નો તડકો સોનેરી હોય છે એમાંય વસંત ઋતુનો તડકો કુણો અને સોનેરી હોય છે આવો હૂંફાળો તડકો મારવા જેવો હોય છે કારણ કે આવો તડકો ફરીથી મળશે નહીં આમ વસંત ઋતુને ઋતુની રાણી પણ કહી છે | ૦૨ | |
| 4 | આદર્શ ક્લબના પાટીયા ઉપર દેવશંકરે આવતીકાલે ફિશમાં લાડુ નું જમણ એવી સૂચના વાંચી અને ત્યારથી તેમને લાડુ ખાવાની જાગી અને એ એમણે નક્કી કર્યું કે હવે તો વીસીમાં લાડુ જમીને જ રહીશ અને એ માટે તે પૈસા બચાવે છે એકતાણું કરે છે અને વીસીમાં જમવા માટે જાય છે પણ હજુ તો તે ત્યાં જઈને બેસે છે ત્યાં તો વીસીના મહારાજ શંકરલાલે દેવ શંકરની સૂચના આપી કે રેશમના જમાનામાં અમે વધારે રાંધતા નથી અંદર વધારે લાડુની સગવડ પણ નથી માટે તમે જણાવો તો દાળ ભાતની થાળી મંગાવું | ૦૨ | |
| 5 | આવતીકાલે લાડુનું જમણ છે. એ ખબર પડતાં જ દેવશંકરના મોમાં પાણી આવી ગયા અને એ રસ્તા ઉપરથી પસાર થતા હતા ત્યારે ડામરની પેલી ધોઇપોઇ સડક ઉપર પણ લાડુની હારમાળા દેખાય છે. અરે પગ પાસેના પથ્થરને પણ એ જોઇ શકતો ન હતો જાણે એ પથ્થર એમને ખસખસ દેખાતી હતી અને રાત્રે ઊંઘમાં પણ લાડુ જ લાડુ. ઘડીકમાં આવડી ઓરડી ભરેલા લાડુ દેખાતા તો ઘડીકમાં મુઠીયા તરાતા હતા તો વળી ઘડીકમાં ખંડાતા.ઘી રેડાતું. આ પછી લાડુ આવે એવો અવાજ અને ક્લબના મહારાજ સાથે ટકરાર પૈસા આપ્યા છે. આમ લાડુ ની  લાલસા દેવશંકરમાં જોવા મળે છે | ૦૨ | |
| ૬ | **ઉત્તરમાં અપેક્ષિત તમામ મુદ્દાની યોગ્ય અસરકારક રજૂઆત, ભાષા શુદ્ધિ** | **૬X3** | **૧૮** |

| | | | |
|---|---|---|---|
| ૧ | ભોગ લાગવા -આવી બનવું<br>વાક્ય પ્રયોગ - કંઇક વાત કરવા જોઇતી હતી માટે કોણ જાણે સાંભળ્યા તેમ મારી બહેનને મેં કહ્યું.<br>માન ખાટવું - યશ લેવો<br>વાક્ય પ્રયોગ -આમ તેમ કરીને તમારે પોતે જ માન ખાટવું છે.<br>ફડચો કરવો- ઉકેલ લાવવો, નિરાકરણ કરવું<br>વાક્ય પ્રયોગ - આ વાતનો તો ખર્ચો કરવો જ પડશે | ૦૩ | |
| 2 | પોતાના પિયર ઘરમાં જઇને કાવ્યની નાયિકા હીંચકા ઉપર બેઠી અને તેની નજર મેડીઓ, ઓરડામાં આમ તેમ બધે ફરી વળી, નાયિકાએ વધુ સ્મૃતિઓના પદ ઉકલ્યા. એમને મીઠી લાગતી માતા, મધુર સ્મિત કરતા ભવ્ય મૂર્તિ પિતાજી, રસિક વાતોથી બાળકોને રાજી કરતા દાદીમાં, આમ બધા સ્મરણો તાજા થયા. ભાઇ ભાડુ અને જેમની સાથે આનંદ મસ્તી કરતા, રીસાતા, ઝઘડતા, ગુસ્સે થતા એવા બાળમિત્રો તેમને દેખાઇ આવે છે. આમ જેમ પોતાનું રૂપ બદલીને પરીઓ સંતાકૂકડી રમે. તેમ આ સૌ સ્વજનો વય બદલીને અહીં આવીને સર્વત્ર ખડા થઇ ગયા ન હોય આમ આ કાવ્યમાં સ્વજનોની સૃષ્ટિનો પરિચય આપ્યો છે. | ૦૩ | |
| 3 | 'વિભાગ –ક' માં આપેલા દરેક શબ્દોનો પર્યાય શબ્દ 'વિભાગ –ખ ' માંથી શોધીને લખો | ૦૩ | |
| | **વિભાળ - ક વિભાગ -ખ**<br>**ક્રીડા - રમત**<br>**અર્ક - સત્વ**<br>**અવની - ધરતી** | | |
| 4 | ચંબેલી અંત્યંત સુંદર છે. તેને આકાશમાં ઉડવું છે પણ ઉડે કેવી રીતે? તેને પાંખો તો નથી. એક દિવસ ઉડતું ઉડતું એક પતંગિયું ચંબેલી પાસે આવ્યું. મેઘ ધનુષ્ય પાંખો વાળા પતંગિયાને પાસે જોઇ ચંબેલી એ કહ્યું, મારે આકાશમાં ઉડવું છે. પણ મારી પાસે પાંખો નથી. મારો સુંદર દેહ અને તમારી સુંદર પાંખો જો એક થઇ જાય તો આપણે આકાશમાં ઉડીશું .ચંબેલી એ પોતાના સુંદર દેહ દીધો અને પતંગિયાની રૂડી પાંખો લીધી. બે ના સમન્વયથી એક પરી બની. દૂર દૂર ધરતી પર ઊંચે આકાશમાં અનંત માર્ગે ઉડતી પરી દેખાય છે. | ૦૩ | |
| 5 | અવસાન સંદેશમાં કવિ નર્મદ પોતાના રસિકજનોને કહે છે કે મારા મૃત્યુ પછી કોઇએ પણ રડવાનું નથી. શોખ કે દુઃખ વ્યક્ત કરવાનું નથી. મેં મારી રીતે યથાશક્તિ રસપાન કરાવ્યું છે.મારાથી બનતી મેં સેવા કરી છે.મારા જે સ્નેહીજનો છે એને મારા મૃત્યુ બાદ રડું આવશે પણ જે લુચ્ચા લોકો છે એ મારા મૃત્યુથી ખુશ થશે પણ એ લોકો મારા વિશે વાકું બોલે તો પણ તમે મન પણ લેતા નહીં. દુઃખ વ્યક્ત કરતા નહીં. જગતનો નિયમ છે. જે જન્મે છે એનું મૃત્યુ નક્કી જ છે.આજે મારો વારો તો કાલે બીજાનો વારો આવવાનો જ છે. એટલે મારા મૃત્યુ બાદ કોઇએ રડવાનું નથી. હિંમત રાખવાની છે અને મને યાદ કરવા કરતાં તમે ભગવાનને યાદ કરજો, પ્રાર્થના કરજો જેથી મને પણ શાંતિ મળશે. | ૦૪ | |
| 6 | કવિ કહે છે દરેકના જીવનમાં મૃત્યુ તો ચોક્કસ છે. આજે પોતે મૃત્યુ પામશે તો આવતીકાલે બીજાનો વારો આવવાનો જ છે. મૃત્યુ મળે થી કવિને જગતમાંથી મુક્તિ મળી જશે. ઈશ્વર કૃપાથી કવિએ જે લેખન સામગ્રી પીરસી છે તેના દ્વારા તેઓને લોકો યાદ કરશે. આ દ્વારા કવિ જીવન સંદેશ આપે છે કે 'નહીં વર્ષોથી પણ કર્મથી જ મહાન છે માનવી '. માનવી કેટલા વર્ષો જીવ્યો એ મહત્વનું નથી .પરંતુ માનવીએ કેવા કર્મ કર્યા છે એ મહત્વના છે અને માનવીના કર્મથી જ લોકો આપણને યાદ કરે છે . કવિમાં આજે નમ્રતાના ગુણો છે .એ વીર છે, સત્યવચની છે, રસિક છે, ટીકીલા છે. એના આ | ૦૫ | |

| | | | |
|---|---|---|---|
| | ગુણોને કારણે એમના દુશ્મનો પણ એમને યાદ કરશે એટલે મારા મૃત્યુ બાદ કોઈએ પણ રડવાનું નથી. દુઃખ રડવાથી વધે છે માટે મારા મૃત્યુ બાદ રડશો નહીં. | | |
| **૭** | **ઉત્તરમાં અપેક્ષિત તમામ મુદ્દાની યોગ્ય અસરકારક રજૂઆત, ભાષા શુદ્ધિ** | **4x4** | **16** |
| 1 | કવિ કહે છે કે વૃક્ષની દરેક ડાળ વસંતના આવવાનો માર્ગ છે. કવિ ફૂલોને વસંતના પગલાં કહે છે. મલય પર્વતમાંથી વાતો પવન શીતળ અને સુગંધી હોય છે . આ પવનને વસંત ના ચિત્રો દોરવાની પીછી કહે છે અને ફૂલોના રંગો વડે વસંતનું પ્રકૃતિ ચિત્ર અંકિત કરે છે અને આ વસંત નકશા કોણ દોરી રહ્યો છે ? તો પ્રકૃતિનો ચિત્રકાર તો પરમાત્મા સિવાય બીજું કોઈ હોય જ ન શકે. આમ વસંત બે ભાગમાં વહેંચાઈ જાય છે. એક તો ચમન તરફ અને બીજું પ્રિયજન ના અંગ તરફ. પ્રિયજનનું સ્મરણ થતાં આંખો આંસુ થી ભીંજાઇ જાય છે. કવિ આવા આંસુને આંબાની મોહરેલી મંજરીઓ કહે છે. આવી આંખોમાં આંબા મહોળ્યા હોય એવો વિશિષ્ટ ભાવ કવિ અનુભવે છે. કવિ આ યાદને અબીલ અને ગુલાલ કહે છે. આ અબીલ અને ગુલાલનો છંટકાવ કવિના હૈયામાં પણ થયો છે . વસંત ઋતુનો તડકો કુણો અને સોનેરી હોય છે આવો હુંફાળો તડકો મારવા જેવો હોય છે. કવિ સૌને એના પોટકા ફાટ ભરી લેવા કહે છે કેમકે આવો તડકો ફરીથી મળવાનો નથી. | ૦૪ | |
| 2 | 2 હરિયો ભણવામાં ઠોઠ છોકરો હતો અને તે કામ શોધવા માટે અમદાવાદ જઈ રહ્યો હતો ત્યાં તેમને બસમાં ખીમજીભાઈ મળે છે અને તે હરિયાને એક કામ સોંપે છે અને તે કામ છે ઇંટો ગણવાનું. ઇંટો ગણવાનું કામ હરિયો હોસભેર કરતો હતો. ફ્રેન્ચ સાહેબ નું એવું માનવું છે કે દુનિયાની બધી જ ઇંટો જો ગણાય જાય તો દુનિયાની બધી જ મુશ્કેલી દૂર થઈ જાય. આમ એક ફોર્મ તે હરિયાને આપી દીધું અને એમની પાડોશ નું એક મકાન છે તેની ઇંટો ગણવાનું કામ હરિયાને સોંપવામાં આવ્યું. હરિયો ઇંટો ગણવા માટે ફોર્મ લઈને નીકળ્યો અને તે રોજ નવું નવું જાણતો. નવી નવી ઇંટો વિશે જાણતો અને એના વિશેના ફોર્મ તે ભરતો જતો હતો અને તેમણે 65 પ્રકારના ફોર્મ ભર્યા અને ઇંટો ગણતા ગણતા હરિયાના લગ્ન થયા, બાળકો આવ્યા, બાળકો મોટા થયા. બાળકોને પણ ઇંટો ગણવાના જ કામમાં લગાડી દેવામાં આવ્યા. અને આમ હરિયો વૃદ્ધ થયો ત્યાં સુધી તે ઇંટો ગણવાનું જ કામ કરતો હતો અને છેલ્લે બધા જ દેશના ઇંટગણકો પેરિસમાં એફિલ ટાવર નીચે ફ્રેંન્ચસાહેબને મળવા માટે જવાના છે. ત્યા ફ્રેંચ સાહેબે આ બધા ઇંટગણકો નો આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે મેં તમારા બધાના અમૂલ્ય જીવનને વેદફયા છે. માટે હું આ એફિલ ટાવર ઉપરથી કુદીને આત્મહત્યા કરીશ. ત્યારે ભરી સભામાં હરિયો બોલે છે કે આ એફિલ ટાવર ક્યાં ઇંટોનો બનેલો છે? ઇંટોએ તો મારા જીવનમાં સાત રંગ પૂર્યા છે. એટલે ઇંટો એ જ એની જિંદગીને સાર્થક બનાવી છે, રંગીન બનાવી છે અને ઇટો ગણતા ગણતા એમની જિંદગીના બધા જ પ્રશ્નો એમને ઉકલી ગયા છે ઇટો જ જાણે એનું જીવન છે એવું હરિઓ માને છે માટે 'ઇંટોના સાત રંગ' એ શીર્ષક યથાર્થ છે. | ૦૪ | |
| 3 | 3 ગાંધીજી નો જન્મ પોરબંદરમાં થયો હતો. રાષ્ટ્રની આઝાદી તેમજ લોક કલ્યાણ અર્થે તેમણે સેવા કાર્યમાં જ પોતાનું જીવન વ્યતિત કર્યું છે. માટે તે રાષ્ટ્રપિતા તરીકે પણ જાણીતા બન્યા છે .તેઓ ઊંચી કોટીના સાહિત્યકાર પણ હતા. વિશ્વભરના આત્મકથા સાહિત્યમાં પણ તેમણે નોંધપાત્ર સ્થાન આપ્યું છે. સત્યના પ્રયોગ એ તેમની આત્મકથા છે. વિપુલ સંખ્યામાં તેમણે લેખો, પત્રો, પ્રવચનોનું સાહિત્ય તેમને આપ્યું છે. નવજીવન, યંગ ઇન્ડિયા ,હરીજન વગેરે વિચારપત્રોના તેઓ તંત્રી પણ રહ્યા હતા. સત્યના પ્રયોગ નવલકથા માંથી જ કસોટી પાઠ લેવામાં આવ્યો છે. ગાંધીજી પોતાના કુટુંબ સાથે નાતાલ પહોંચે છે .ત્યાં ત્યાંના ગોરાઓ તેમના પર ખૂબ જ ઉશ્કે રાયેલા હતા. પરિણામે મિસ.એસ્કંબે ના સંદેશા પ્રમાણે તેમને સાંજે ઉતારવાના હતા. પરંતુ મિ. લોટન નામના અંગ્રેજ અધિકારી કસ્તુરબા અને બાળકોને ગાડીમાં રૂસ્તમજી શેઠને ત્યાં મોકલી. ગાંધીજીને પોતાની સાથે ચાલતા આવવાનો આગ્રહ કરે છે. ગાંધીજી તેમની સાથે જવા તૈયાર થાય છે પણ ગાંધીજીને ગોરા | ૦૪ | |

| | | | |
|---|---|---|---|
| | છોકરાઓ ઓળખી જાય છે અને ગાંધી ગાંધીના નામની બૂમો પાડે છે.ગોરા છોકરાઓની બુમોથી ટોળું વધી જાય છે અને મિ.લોટન અલગ પડી જાય છે. ગોરાઓ ગાંધીજીને પથ્થર,સડેલા ઇંડા મારે છે. ત્યાં મિસ એલેક્ઝાન્ડરની પત્ની તેમની મદદે આવે છે. પોલીસ ટુકડી આવી ગાંધીજીને પોલીસ સ્ટેશનને લઈ જાય છે અને ત્યાં જ તેમને આશરો લેવાનું કહે છે પરંતુ ગાંધીજી ના પાડે છે અને કહે છે કે લોકોને જ્યારે ભૂલ સમજાશે ત્યારે તેઓ આપોઆપ શાંત થઇ જશે અને તે પોતાના બાળક અને પત્ની જ્યાં રુસ્તમજીના ઘરે છે ત્યાં જ તે જવાનો આગ્રહ કરે છે પણ રુસ્તમજીના ઘરને ગોરાઓએ ઘેરી લીધું છે. એમના ઘરને અને એમના બાળકોને પત્નીને પણ બચાવવા માટે હવે ફરીથી ગાંધીજીએ રુસ્તમજીના ઘરને છોડીને ભાગવું પડશે અને એલેક્ઝાન્ડરની મદદથી તેમાં પણ તે સફળ થાય છે. આમ ગાંધીજીને એક જ દિવસમાં બે ઉલટા કામ કરવાની ફરજ પડે છે મિ. એસ્કમ્બે ગાંધીજી પર હુમલો કરનારા ઉપર કામ ચલાવવા માટે કહ્યું છે પણ ગાંધીજી તો અધિકારીઓને જ દોશી ગણે છે એટલે એમણે એના ઉપર કોઇ જ કામ ચલાવવું નથી લોકોને જ્યારે સત્ય સમજાશે ત્યારે તેઓને પસ્તાવો થશે એવું ગાંધીજીનું માનવું છે. | | |
| 4 | **૪ આ શિયાળાના પરોઢની સૂર્યોદયની અને પંખી સૃષ્ટિની વાત કરી છે. તેની સાથે માનવ જગતને પણ સાંકળી લીધું છે. શિયાળાનો સમય છે એટલે રાત્રી લાંબી હોય છે અને દિવસ ટૂંકા હોય છે. પરોઢિયાનો અને પ્રભાતનો સૂર્ય આહલાદક લાગે છે. નાયક કહે છે કે હુંફારા સૂર્યના કિરણોમાં બેસવાનું તેમણે ખૂબ ગમે છે. સૂર્યાસ્ત થયા પછી એટલે કે સંધ્યાકાળે સિરીઝના પાંદડા વિદાય ગયેલા અને તેની નિંદ્રા ખૂબ લાંબી ચાલી. હવે તો નાના મોટા રંગબેરંગી પક્ષીઓએ પોતાનું મનગમતું આસન શોધી લીધું છે. નાનકડો પ્રકૃતિનો મધુર ઉદગાર સમુહ નાજુક સક્કરખોર પણ ગોઠવાઈ ગયુ છે. વૃક્ષો પણ શાંત રીતે સ્વસ્થતાથી ઊભા છે. સૂર્યના કિરણો જે બારીમાંથી પ્રવેશ પામી રહ્યા છે એ ઉગમણી બારી માંથી નાયકને ખસવાનું મન થતું નથી. શિયાળાની ઠંડીમાં રજાઈની હૂંફ કોઈને છોડવી નથી પણ સવારે બાળકો, વિદ્યાર્થીઓએ તો ભણવા માટે ઉઠવું જ પડે છે, આમ સૂર્યનું સેવનમાં શિયાળાની સવાર ના સૂર્યના કિરણોનું સેવન કરવા જેવું હોય છે.** | ૦૪ | |
| ૮ | **નિબંધ લેખન** | ૦૮ | ૦૮ |
| | **કોઇપણ એક વિષય પર નિબંધ લખો** | 8x1 | 8 |
| | વિષય પસંદગી | 0.5 | |
| | પ્રસ્તાવના | 1 | |
| | નિબંધના મુખ્ય પાસાઓની સમજ પ્રમાણે સુંદર રજૂઆત | 2 | |
| | વિષયાંતર નહીં | 1 | |
| | ભાષા પસંદગી - ભાષા પ્રયોગ | 2 | |
| | ભાષા શુદ્ધિ | 1 | |
| | ઉપસંહાર | 0.5 | |

## વિભાગ-૨ (ગુણ -૫૦)

**૫. નીચે આપેલા પ્રશ્નમાંથી ગમે તે ચારના ટૂંકમાં જવાબ આપો.** **(ગુણ -૮ )**

૧. મોટા ભાભીનું આયુષ્ય લાબું છે એમ કેમ કહ્યું ?

૨. 'જુનું પિયરઘર માં રજુ થતો દામપત્યભાવ તમારા શબ્દોમાં લખો.

3. 'રસ્તાવસંતના' કાવ્યમાં રજુ થતી વસંતની વિશેષતા જણાવો.

૪. શંકરલાલે દેવશંકરને શી સુચના આપી ?

૫. દેવશંકરની લાડુની લાલસા તમારા શબ્દોમાં લખો

**૬. નીચે આપેલા પ્રશ્નમાંથી ગમે તે છ પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.** **(ગુણ -૧૮ )**

૧.. નીચેના રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્ય પ્રયોગ કરો

૧. ભોગ લાગવા　　૨. માન ખાટવું　　3. ફડચો કરવો

૨. 'જુનું પિયર ઘરમા'નાયિકાના મનમાં અનેક સ્મૃતિ ચિત્રો ખડા થયા તેના વિશે નોધ લખો

3. 'વિભાગ –ક' માં આપેલા દરેક શબ્દોનો પર્યાય શબ્દ 'વિભાગ –ખ 'માંથી શોધીને લખો

| **વિભાળ - ક** | **વિભાગ –ખ** |
|---|---|
| ક્રીડા | સત્વ |
| અર્ક | રમત |
| અવની | આકાશ |
| | ધરતી |

૪. 'પતંગિયું ને ચબેલી' કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દો માં લખો.

૫. 'અવસાનસંદેશ' કાવ્યમાં કવિ પોતાના સ્નેહીજનોને શું – શું કહીને આશ્વાસન આપે છે ?

૬. અવસાનસંદેશ' કાવ્યમાં કવિ શું જીવન-સંદેશ આપે છે ?

**૭.. નીચે આપેલા પ્રશ્નમાંથી ગમે તે ચારના મુદ્દાસર જવાબ આપો.** **(ગુણ -૧૬)**

૧. 'રસ્તા વસંતના' કાવ્યનો ભાવાર્થ સમજાવો .

૨. ‘ઈંટો ના સાત રંગ ‘ શીર્ષક ની યર્થાથ જણાવો.

3. ‘કસોટી ‘ પાઠમાં  ઊપસતું ગાંધીજીનું વ્યક્તિત્વ

૪. ‘સૂર્યનું  સેવન’ પાઠના આધારે  શિયાળાની સવારનું વર્ણન કરો

**૮. નિબંધ લેખન (ગમે તે એક)** **(ગુણ ૦૮)**

૧. માતૃ પ્રેમ

૨. જીવનમાં રમત - ગમતનું મહત્વ

# <u>ALL THE BEST</u>